ગુજરાતમિત્ર
મંગળવાર ૧૭ નવેમ્બર, ૨૦૨૫

સંપૂર્ણ આદિવાસી વસતી ધરાવતા બરૂમાળ ગામની વસતી 2786 છે, ખેતી, ખેતમજૂરી અને પશુપાલન મુખ્ય વ્યવસાય

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસ ગોપાસ



વલસાડના ધરમપુર તાલુકાથી માત્ર 6 કિ.મી.ના અંતરે આવેલું ગામ

બરૂમાળ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાથી માત્ર 6 કિ.મી.ના અંતરે બરૂમાળ ગામ આવેલું છે. આ ગામ ધરમપુર તાલુકાની વચ્ચે અને કપરાડા તાલુકાની સરહદે આવેલું છે. આ ગામની વસતી 2786 છે. ગામમાં 570 ઘર છે. બરૂમાળ ગામ સંપૂર્ણ આદિવાસી વસતી ધરાવતું ગામ છે. ગામમાં ખેતી, ખેતમજૂરી અને પશુપાલન મુખ્ય વ્યવસાય છે. નાગલી, ડાંગર, વરાઈ જેવા ધાન્યો પકવવામાં આવતાં પરંતુ હાલના સમયમાં શેરડી, ડાંગર, કેરી, ચીકુ અને શાકભાજીઓ કરવામાં આવે છે. ગામમાં સરકારી પ્રાથમિક શાળા, આંગણવાડી, ગ્રામ પંચાયત ભવન અને દૂધની ડેરી જેવી પાયાની સગવડો ઉપલબ્ધ છે. બરૂમાળમાં મહાદેવજીનું ભવ્ય મંદિર આવેલું છે. ભાવભાવેશ્વર મંદિર સંકુલમાં શાળા, કોલેજ અને દવાખાનું ચાલે છે અને હોસ્ટેલમાં રહેવાની પણ સારી સગવડ છે. અહીંથી વિલસન હિલ નામનું ઊભરતું હવા ખાવાનું સ્થળ ૧૪ કિમી દૂર છે, જે જોવાલાયક જગ્યા છે. બરૂમાળ ગામ સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ખાસ નાતો છે. ઈ.સ.1986-87માં સિદુમ્બર ખાતે આવેલી છાત્રાલયમાં આર.એસ.એસ.ના પ્રચારક તરીકે નરેન્દ્રભાઈ મોદી આવ્યા હતા. સિદુમ્બર ગામે રહીને ધરમપુરના અંતરિયાળ એવા આદિવાસી વિસ્તારમાં સાઈકલ ઉપર ફરીને સંઘનું પ્રચારનો આરંભ કર્યો હતો. તેઓ 1986-87માં સિદુમ્બર ગામે આદિવાસી છાત્રાલય ખાતે રહીને ગામડે ગામ સંઘના પ્રચારનું બ્યુગલ ફૂંક્યું હતું.....



ઘરઆંગણે રોજગારી પૂરી પાડતી દૂધડેરી

ધરમપુરના બરૂમાળમાં પશુપાલન વ્યવસાય થકી રોજગારીનું સર્જન થયું છે. મહિલાઓ પણ પશુપાલનમાં જોતરાઈ રહી છે. અહીં દૂધડેરીનાં બે સુંદર મકાન આવેલાં છે. નવી નગરી બરડા ફળિયામાં આવેલી બરૂમાળ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું સુંદન સંચાલન કરવામાં આવે છે. બરૂમાળ દૂધ ઉત્પાદક સહમંડળના 280 જેટલા સભાસદો છે. જેમના દ્વારા સવાર-સાંજ ગાય-ભેંસનું 3500 લિટર દૂધ એકત્રિત કરવામાં આવે છે. આ દૂધમંડળીઓમાંથી દૂધ એકત્રિત કરી ચીખલીમાં આવેલી આલીપોર વસુધારા ડેરીમાં મોકલવામાં આવે છે. હાલમાં બરૂમાળ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં પ્રમુખ તરીકે શીતલબેન જાદવ તથા મંત્રી તરીકે મનીષાબેન ચેતન પટેલ કાર્યરત છે.

પાણી પુરવઠાની ટાંકીઓ શોભાના ગાંઠિયાસમાન



ધરમપુરના બરૂમાળ ગામે દરેક ફળિયા ખાતે પીવાના પાણી માટે સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચાયા છે. પરંતુ પાણી પીવા માટે પણ કામે આવ્યા નથી એવું પુરવાર થઈ રહ્યું છે. પીવાના પાણી માટે કરોડો રૂપિયાની ફાળવણી પાણી પુરવઠા યોજના થકી કરાઈ છે, જેમાં આદિવાસી વિસ્તારો જેવા ધરમપુર-કપરાડા વિસ્તારોમાં પીવાના પાણી માટે એસ્ટોલ યોજના થકી ગામેગામ પીવાના પાણીની ટાંકીઓ બંધાઈ છે. એમાં વળી ઘણા ફળિયામાં પાણી પુરવઠા યોજના હેઠળ અનેક ટાંકીઓ નાની-મોટી બનાવવામાં આવી છે. પરંતુ ટાંકીમાં ભર ઉનાળે એક ટીપું પાણી નથી. દરેક ટાંકીઓ લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ પાણી છે, પરંતુ હાલમાં આ પાણીની ટાંકીઓ શોભાના ગાંઠિયાસમાન ભાસી રહી છે.

સદગુરુ બરૂમાળ મંદિર નજીક એસ.ટી. બસ સ્ટેન્ડ જર્જરિત હાલતમાં



સદગુરુ બરૂમાળ મંદિર નજીક આવેલું એસ.ટી. બસ સ્ટેન્ડ છેલ્લા ઘણા સમયથી અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયું છે. આ ગામ અને આસપાસના વિસ્તારમાંથી ધરમપુર અને વલસાડ જવા-આવવા માટે દરરોજ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સામાન્ય મુસાફરો આ નાનકડા ડેપોનો ઉપયોગ કરે છે. હાલ ડેપો બિસમાર હોવાથી ખાસ કરીને ચોમાસાની ઋતુમાં વરસાદ દરમિયાન લોકોને ઊભા રહેવામાં પણ ભારે હાલાકી વેઠવી પડે છે. સ્થાનિક આદિવાસી ધારાસભ્ય અરવિંદ પટેલ આ બાબતે ત્વરિત ધ્યાન આપીને અહીં વહેલી તકે નવી અને સુવિધાયુક્ત બસ સ્ટેન્ડની વ્યવસ્થા ઊભી કરાવે તેવી લોકમાંગણી ઉઠી છે.




સોલાર લાઈટ બંધ હાલતમાં: સમગ્ર ગામમાં અંધારપટ

ધરમપુરના બરૂમાળ ગામે ભાવ ભાવેશ્વર મંદિર ધાર્મિક સ્થળ હોવાથી અહીં મંદિરમાં દૂર-દૂર સુધી આજુબાજુનાં ગામોના તથા મહારાષ્ટ્ર રાજ્યમાંથી પણ લોકો મંદિરના દર્શનાર્થે આવતા હોય છે. પરંતુ બરૂમાળ ગામે ભાવ ભાવેશ્વર મંદિર જતા રોડ ઉપર સોલાર લાઈટ છેલ્લા એક વર્ષથી બંધ હાલતમાં છે. જેને કારણે માર્ગો પર અંધારપટ છવાઈ જાય છે. એટલું જ નહીં બરૂમાળ ગામના પાડવી ફળિયા, ધોધ ફળિયા, પટેલ ફળિયા સહિત વિસ્તારોમાં માર્ગો ઉપર લગાવેલી સ્ટ્રીટ સોલાર લાઈટો બંધ હાલતમાં રહેતા સમગ્ર ગામમાં અંધારપટ જોવા મળી રહ્યો છે. જેથી બરૂમાળ ગામે તાત્કાલિક સોલાર લાઈટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે એવી માંગ ઊઠી રહી છે.

બરૂમાળ ગ્રામ પંચાયતના હોદ્દેદારો

- **સરપંચ:** મિત્તલબેન વિજયભાઈ ગાંવિત
- **ડેપ્યુટી સરપંચ:** ઈશ્વરભાઈ નગીનભાઈ પટેલ
- **સભ્યો**-યોગીતાબેન ભગુભાઈ પટેલ
- નિર્મળભાઈ તુળજી ચૌધરી
- મિનલ ચુનુભાઈ ચૌધરી
- વિનોદ ગજુ ગાવિત
- મંજુબેન સોમાભાઈ ફડવણ
- રીટાબેન મુકેશ ગાયકવાડ
- ચેતના પ્રદીપ ગાવિત
- રાજેશ ઝવેર પટેલ
- **તલાટી કમ મંત્રી:** વૈભવ ચૌધરી



બરૂમાળ ભાવભાવેશ્વર મંદિર આસ્થાનું કેન્દ્ર, જંગલમાં મંગલ કરવાનું ભગીરથ કાર્ય ઉપાડતા સ્વામિ વિદ્યાનંદજી સરસ્વતી

નાશિક સુરગાણા પેઠ ખાતે શિવજીના મંદિરમાં પૂજારી તરીકે સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલા પરમ પૂજ્ય સ્વામી વિદ્યાનંદજી સરસ્વતી મહારાજ મહારાષ્ટ્રના પેઠ ગામને છોડી બરૂમાળ ગામે માન નદી કિનારે પધાર્યા હતા. જ્યાં બરૂમાળ ગામે માન નદીના તટ પાસે એકદમ ગીચ જંગલ વિસ્તારમાં અહીં શિવજીનો વાસ છે એમ કહી ધરમપુરના બરૂમાળ ગામે સ્વામી વિદ્યાનંદજી સરસ્વતી મહારાજે તે સમયના સરપંચ પદે આરૂઢ રમતુભાઈ ચૌધરીને મળીને ગામમાં શિવજીનું વિશાળ મંદિર બનાવવા માટે જમીનની માંગ કરી હતી. બાદ ૨૦૦૦ની સાલમાં ગામના આદિવાસી ખેડૂત છોટુ મનુ ગાવિત, ભીખા જમશી તથા વલ્લભ જાનીયા ચૌધરીએ નવું મંદિર બનાવવા માટે ૫ એકરથી વધુ જગ્યા દાનમાં આપી હતી. ધરમપુરથી માત્ર ૬ કિ.મી.ના અંતરે આવેલું સદગુરુધામ બરૂમાળ મંદિર આજે ધાર્મિક સ્થળ તરીકે ઓળખાય છે. ભાવભાવેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના ૨૦૦૧માં થઈ હતી. ધરમપુરની માન નદીના તટ પાસે બરૂમાળ ગામે જ્યાં જંગલમાં મંગલ કરવાનું કામ પરમ પૂજ્ય વિદ્યાનંદજી સરસ્વતી મહારાજે ઉપાડ્યું હતું. આજે ૫ એકરની વિશાળ જગ્યામાં ભાવભાવેશ્વર મંદિર ભાવિક ભક્તજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. શ્રાવણ માસમાં દર સોમવારે ધરમપુર, વાંસદા, કપરાડા વિસ્તારોના અસંખ્ય ભાવિક ભક્તજનો મંદિરની મુલાકાત લેતા હોય છે. ભાવભાવેશ્વર મંદિરમાં દર વર્ષે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે યજ્ઞ સહિત સવા લાખ માટીના શિવલિંગની સ્થાપના કરાય છે. હજારોની સંખ્યામાં શિવભક્તો મંદિરમાં પૂજા અર્ચના સહિત નાના-મોટા કાર્યક્રમોમાં ભાગ લઈ ધન્યતા અનુભવે છે. ધરમપુરના બરૂમાળ ભાવભાવેશ્વર મંદિરના વિશાળ પરિસરમાં મહાદેવ ટેમ્પલ ગુફા સહિત અન્ય ધાર્મિક સ્થળોની પ્રવાસીઓ તથા ભાવિક ભક્તજનો નાના-મોટા કાર્યક્રમોમાં ભાગ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. ત્યારે ભાવભાવેશ્વર મંદિર ભાવિક ભક્તજનો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે.